# અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ

## માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની

## કલમ – ૪ મુજબ (ખ) (૧)

## ૧૭ મુદ્દાઓની માહિતી

**(Pro – Active Disclosure)**

(તા.૦૪.૦૨.૨૦૨૬ ની સ્થિતિએ અધ્યતન કરાયેલ)

Scanned with CamScanner

## મુદ્દા નંબર ૧

**૧. જાહેર સત્તામંડળનું વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજોની વિગતો:**

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૨૨ હેઠળ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (AUDA) ની સ્થાપના તા.૧-૨-૧૯૭૮ થી થયેલી છે.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાંના વિસ્તાર ઉપરાંત તેની આજુબાજુ પથરાયેલી ૧૦૭ વસાહતો પાંચ શહેરી વિસ્તારો તેમજ અમદાવાદ જીલ્લાના ૧૫૯ ગામડાઓનો વિસ્તાર આવેલો છે.

સત્તામંડળ (ઔડા)ના વિસ્તારનો ફેલાવો કુલ ૧૮૬૬૦૦ હેક્ટર (૧૮૬૬ ચો. કિ.મિ.) થવા જાય છે, જેમા અમદાવાદ શહેર (મ્યુનિસિપલ વિસ્તાર) ના ૪૯૦૦૦ હેક્ટર (૪૯૦ ચો.કિ.મી.) ના વિસ્તારનો પણ સમાવેશ થાય છે.

<u>કાર્યક્ષેત્ર</u>: અમદાવાદ શહેર બહારના વિસ્તારોને શહેરમાં રૂપાંતરિત કરવા માટે સત્તામંડળ (ઔડા) દ્વારા આયોજન-બધ્ધ વિકાસના કાર્યક્રમો, પૂરતી સાધન-સામગ્રી તેમજ સ્વનિર્ભર રીતે વિકાસશીલ પ્રવૃતિઓ હાથ ધરવી જ્યાં તમામ નાગરિકોને મૂળભૂત સેવાઓ સહેલાઇ થી ઉપલબ્ધ થઇ શકે.

<u>કાર્યો</u>:: અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના મુખ્યત્વે નીચે મુજબના કાર્યો છે, જેમાં

૧. શહેર વિસ્તાર માટે વિકાસ યોજનાઓ તૈયાર કરવાનું કામ હાથ ધરવું.

૨. નગર રચના યોજના (ટી.પી.સ્કીમ) તૈયાર કરવી અને તેના અમલીકરણનું કામ હાથ ધરવું.

૩. વિકાસ યોજનાઓ તેમજ નગર રચના યોજનાઓ (ટી.પી.સ્કીમ) તૈયાર કરવા માટે શહેરી વિકાસ વિસ્તારમાં સરવે કરવો.

૪. શહેર વિકાસ વિસ્તારમાં વિકાસ યોજના અનુસાર વિકાસ પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરવું.

૫. પાણી પુરવઠા, ગંદા પાણી (સુવેઝ) ના નિકાલની તેમજ રસ્તાઓ સાથે સંકળાયેલા કામો કરવા અને આવાસની પ્રાથમિક સુવિધાઓ અને અન્ય સેવાઓ અને સગવડોના પ્રબંધ અંગેના કામો કરવા.

૬. વિકાસ યોજના હેઠળની દરખાસ્તોને અનુરૂપ અંગત પ્લોટ તેમજ રસ્તાઓના વિકાસ માટેની પરવાનગી માંગતી અરજીઓ પરત્વે કાર્યવાહી કરવી. આ અંગે

Scanned with CamScanner

મુદ્દા નંબર - ૨

૨. અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો;

સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો નીચે મુજબ છે.

| ક્રમ | હોદ્દો | સત્તા અને ફરજોની વિગતો | |
|---|---|---|---|
| ૧. | અધ્યક્ષશ્રી | ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ-૭ તેમજ અન્ય જોગવાઇઓથી મળેલ સંપૂર્ણ સત્તા તેમજ સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓ અનુસાર મળેલ સંપૂર્ણ સત્તા, | |
| ૨. | મુખ્ય કારોબારી અધિકારીશ્રી | ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ-૭ તેમજ અન્ય જોગવાઇઓથી મળેલ સંપૂર્ણ સત્તા તેમજ સરકારશ્રીની વખતો વખતની સૂચનાઓ અનુસાર મળેલ સંપૂર્ણ સતા, | |
| ૩. | અધિક કલેક્ટરશ્રી | રૂ.૫૦,૦૦૦/- સુધીના વહીવટી બીલો મંજુર | |
| | આયોજન શાખા | | |
| ૧. | અધિક નગર નિયોજકશ્રી | ૧. | ખાસ પ્રકારના બાંધકામ, નીતિવિષયક જી.ડી.સી.આર.ના અર્થઘટન કરવાના થતાં હોય તેવાં કિસ્સા, વિકાસ પરવાનગી આપવાના થતાં કિસ્સાઓમાં |
| | | ૨. | બહુમાળી મકાન તેમજ ૧૦૦૦૦ ચો.મી. કરતા બધારાની જમીનાઅં ગ્રુપ હાઉસીંગ્સ. |
| | | ૩. | ઉપર દર્શાવેલ તમામ બાંધકામની રીવાઇઝ વિકાસ પરવાનગી આપવાની સત્તા. |
| ૨. | સિનિયર નગર નિયોજકશ્રી | ઉપર મુજબ | |
| ૩. | નગર નિયોજકશ્રી | | |

| | | |
|---|---|---|
| | અ) | <u>વિકાસ પરવાનગી, વાપરવાની પરવાનગી સંબંધી</u> |
| | ૧. | હાઇરાઇઝ, ખાસ કિસ્સા, પોલીસી વિષયક બાંધકામોની પરવાનગી માટે રજુ થયેલ પ્રકરણો અંગે GDCRની જોગવાઇઓ હેઠળ સંપૂર્ણ ચકાસણી કરી પ્રવર નગર નિયોજકશ્રીને અહેવાલ સાદર રજુ કરશે. |
| | ૨. | આવશ્યક NOC રજુ કરાવવામાં આવેલ છે, તે ચકાસીને, પૂર્તતા થયા બાદ જ ઉપરી અધિકારી સમક્ષ અહેવાલ રજુ કરશે. |
| | ૩. | GDCRની જોગવાઇઓ હેઠળ મળવાપાત્ર ન હોય તેવી બાબતો નામંજુર કરી મદદનીશ નગર નિયોજકશ્રીને પરત રવાના |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૪. | કેસની હાર્ડશીપ, કૉંડોનેશન, રીલેક્સેશન, પ્રકારના પ્રકરણો GDCRની જોગવાઇ ટાંકીને ઉપરી અધિકારીશ્રીના નિર્ણય/આદેશ અર્થે રજુ કરશે. |
| | બ) | <u>ગેરકાયદેસર/બીન પરવાનગી વિકાસ, ગેરકાયદેસર/બીન પરવાનગી ઉપયોગ સંબંધી:</u> |
| | ૧. | વિસ્તારના સ્થળ નિરીક્ષણ દરમ્યાન ધ્યાને આવતાં ગેરકાયદેસર બાંધકામ બાબતે ગેરકાયદેસર બાંધકામ અટકાવવા નોટીસો પાઠવવા તથા બેસાડવા વિષયક જે તે પ્લાનીંગ આસીસ્ટન્ટ/મદદનીશ નગર નિયોજક દ્વારા થયેલ કાર્યવાહી અંગે અહેવાલ મંગાવી સંતોષકારક કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તો ઉપરી અધિકારીશ્રીએ અહેવાલ મુકી મંજૂરી મેળવી ખુલાસો રજુ કરવા જણાવવાનું રહેશે. |
| | ૨. | ખુલાસો રજુ થયે, સંતોષકારક ન જણાય તો ગંભીર બેદરકારી બદલ કાયદેસરની કાર્યવાહી કરવા ઉપરી અધિકારીશ્રીને અહેવાલ મૂકવાનો રહેશે. |
| | ૩. | ગેરકાયદેસર બાંધકામો સંપૂર્ણતઃ ન થાય તે માટે પ્લાનીંગ શાખા દ્વારા થતી કાર્યવાહીની દેખરેખ રાખી ઉપરી અધિકારીશ્રીને હકીકતથી વિગતો ધ્યાને લાવવાની રહેશે. |
| | ૪. | નામદાર સરકારશ્રીના આદેશ ક્રમાંકઃ- પીઆરસી-૧૦૨૦૧૧-૫૩૧૯-લ માં જણાવ્યા અનુસાર રીવ્યુઇંગ ઓફીસર તરીકે ફરજ બજાવશે, જે અંતર્ગત સુપરવાઇઝર, પ્લાનીંગ અસીસ્ટન્ટ, માદનીશ નગર નિયોજક અને બિલ્ડર/ડેવલપર/એંજીનીયર ઇત્યાદી વ્યક્તિઓની જવાબદારી નક્કી કરીને યોગ્ય પગલાં લેવા ઉપરી અધિકારીશ્રીને અહેવાલ સુપ્રત કરશે. |
| | ક) | <u>મુસદ્દારૂપ નગર રચના તૈયાર કરવા સંબંધી</u> |
| | ૧. | ટી.પી. શાખાની કામગીરી અંતર્ગત, ઉપસ્થિત મુદ્દાઓ અંગે પોતાની સચોટ રીમાર્ક્સ સાથે નિર્ણય અર્થે ઉપરી અધિકારીશ્રીને અહેવાલ સુપ્રત કરશે. |
| | ૨. | ટીટી શાખાની કામગીરી અંતર્ગત ઉપરી અધિકારીશ્રીના આદેશનું પાલન કરશે. |
| | ૩. | પ્લાનીંગ સુપરવાઇઝર દ્વારા જાળવેલા શાખાને લગત રેકર્ડને ત્રિમાસીક તપાસ કરશે. |
| | ૪. | ટીપી શાખાને લગતી બેઠકો/કમીટીઓમાં હાજર રહી થયેલ ચર્ચા અન્વયે આનુસાંગિક કાર્યવાહી કરવા નિર્ણય લેશે. |
| | ૫. | ટીપી શાખાની કામગીરી અંતર્ગત જરૂર જણાયે તબક્કાવાર સ્થળ તપાસ સહિત તમામ રેકર્ડની હકીકતલક્ષી ચકાસણી કરી વિભાગના સ્ટાફને જરૂરી માર્ગદર્શન આપશે. |
| | ૬. | ટી.પી.સ્કીમ આયોજનની સંપૂર્ણ કામગીરી, શી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એક્ટ ૧૯૭૬ની જોગવાઇઓ અનુસાર સરકારશ્રીમાં મંજૂરી અર્થે સાદર થાય ત્યાં સુધીની તકેદારી રાખશે. |
| | ૭. | વિકાસ પરવાનગી અંતર્ગત આપવામાં આવેલ અભિપ્રાયવાળા કેઓમાં કોઇપણ કારણસર થયેલ વિસંગતા વિષયક બાબતે ઉપરી અધિકારીશ્રીનો નિર્ણય મેળવીને પુનઃબંધારણ દરખાસ્ત સૂચવવાની રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૮. | હોદાની રૂએ કામગીરી સંબંધિત થયેલા પરિપત્રો અનુસાર ફરજ બજાવવાની રહેશે. |
| | ડ) | <u>જનરલ</u> |
| | ૧. | પોતાના તાબા હેઠળના કર્મચારીઓની તમામ કામગીરીની સંપૂર્ણ દેખરેખ રાખવાની રહેશે તથા પ્લાનીંગ આસીસ્ટન્ટની સ્થળ તપાસ ડાયરીની દર માસે ચકાસણી કરવાની રહેશે. |
| | ૨. | વખતોવખત ઉપરી અધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવતી ફરજો/જવાબદારીઓ બજાવવાની રહેશે. |
| | ૩. | વિસ્તારમાં ચલતા બાંધકામો સંદર્ભે વખતોવખત સ્થળ તપાસ કરવાની રહેશે અને સંતોષકારક કાર્યવાહી ન જણાય તો ઉપરી અધોકારીશ્રીને ધ્યાને લાવી કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે. |
| | ૪. | મદદનીશ નગર નિયોજકશ્રી દ્વારા એક્ટની કલમ ૬૭,૬૮,૬૯ હેઠડ અમલીકરણની કાર્યવાહી અંતર્ગત જમીનનો લીધેલ કબજો તથા એસ્ટેટ શાખાને સુપ્રત કર્યા અંગેના રજીસ્ટરની વખતોવખત ચકાસણી કરવાની રહેશે અને અંતોષકારક કાર્યવાહી ન જણાય તો ઉપરી અધિકારીશ્રીને ધ્યાને લાવી કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે. |
| | ૫. | આઉટડોર મેટરોમાં મદદનીશ નગર નિયોજકને જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે. |
| | ૬. | પ્લાનીંગ શાખામાં આવતા પત્રો/આજીઓનો સમયસર નિકાલ થાય છે કે કેમ? તેનું વખતોવખત નિરીક્ષણ કરી સંતોષકારક કાર્યવાહી ન જણાય તો ઉપરી અધિકારીશ્રીને ધ્યાને લાવે કાયદાકીય કાર્યવાહી કરવાની રહેશે. |
| | ૭. | હાઇકોર્ટ મેટરોમાં મદદનીશ નગર નિયોજકને જરૂરી માર્ગદર્શન આપવાનું રહેશે. |
| | ૮. | સુપ્રીમ કોર્ટની મેટરોમાં પોતાના તાબા હેઠળના કર્મચારી/અધિકારી પાસેથી કેસની માહિતી એકત્ર કરાવી સત્તામંડળની તરફેણમાં ચુકાદો આવે તે અંગેની કાર્યવાહી કરવાની રહેશે. |
| | ૯. | મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલય/સ્વાગત ઓનલાઇન/સરકારી/અર્ધસરકારી/મંત્રી/વિધાન સભાને લગતા વગેરે પત્રોનો સમયસર જવાબ કરવા પ્રવર નગર નિયોજકશ્રી સમક્ષ સમયસર અહેવાલ રજુ થાય તે બાબતે તકેદારી રાખવાની રહેશે. |
| | ૧૦. | બેઠક/કોન્ફરન્સ/ટીપીઓ સમક્ષ ઉપરી અધિકારીશ્રીની સૂચના મુજબ સત્તામંડળ વતી હાજરી આપવાની રહેશે. |
| 3. | જુનિયર નગર નિયોજકશ્રી | |
| | અ. | <u>વિકાસ પરવાનગી, વાપરવાની પરવાનગી સંબંધી</u> |
| | ૧. | પ્લાનીંગ આસીસ્ટન્ટ તરફથી રજુ પ્રકરણે GDCR ની તમામ જોગવાઇઓ હેઠળ જરૂરી ચકાસણી કરીને નિયત સમયમર્યાદામાં નામંજૂરી ના જાવક પાઠવવાની જવાબદારી રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૨. | પ્લાનીંગ આસીસ્ટન્ટ તરફથી રજુ પ્રકરણે GDCRની તમામ જોગવાઇઓ ચકાસી મળવાપાત્ર બાંધકામની મંજુરી માટે ઉપરી અધિકારીશ્રીને GDCRની જોગવાઇ ટાંકીને અહેવાલ મૂકવાનો રહેશે. |
| | ૩. | પ્લાનીંગ આસીસ્ટન્ટ દ્વારા રજુ કરેલ સ્થળ તપાસ અહેવાલ અન્વયે સ્થળે પ્લોટ/રસ્તાની હદ, માપ વગેરે બાબતોની પુનઃચકાસણી કરીને અહેવાલ ઉપરી અધિકારીશ્રી સમક્ષ મૂકવાનો રહેશે. |
| | ૪. | નિયમાનુસાર પાર્કિંગ, એનીટેશન, ફાયર પ્રોવિઝન, પરકોલેરીંગ-વેલ પ્રોવિઝન, ટ્રીપ્લાન્ટેશન પ્રોવિઝન બાબતે ચકાસણી કરીને આવશ્યક પૂર્તતા થયા બાદ જ ઉપરી અધિકારી સમક્સ અહેવાલ મૂકવાનો રહેશે. |
| | ૫. | પ્રકરણે આવશ્યક વિવિધ પ્રકારની NOC વિષયક સંપૂર્ણ ચકાસણી કરીને પૂર્તતા થયા બાદ જ ઉપરી અધિકારી સમક્ષ અહેવાલ મૂકવાનો રહેશે. |
| | ૬. | વિકાસ પરવાનગી તથ વપરાશ પરવાનગીના પ્રકરણે પ્લાનીંગ આસીસ્ટન્ટ દ્વારા રજુ કરેલ ફી ગણતરીની ચકાસણી કરવાની રહેશે અને ક્ષતિ જણાય તો પ્લાનીંગ આસીસ્ટન્ટનો ખુલાસો માંગી ઉપરી અધિકારીશ્રીના ધ્યાને લાવવાનું રહેશે. |
| | ૭. | મંજુર થયેલ પ્રકરણે, વિકાસ પરવાનગી તથા વાપરવાની પરવાનગી અન્વયે અનુક્રમે રજાચિઠ્ઠી તથા પ્રમાણપત્ર (નિયત નકશાઓ સહિત) સહી કરવાની જવાબદારી રહેશે તથા સમયસર માલિક/અરજદારને પાઠવી આપવા વિષયક કામગીરીનું ધ્યાન રાખવાનું રહેશે. |
| | ૮. | વિકાસ પરવાનગી આપેલ કેસોમાં સ્થળ ઉપર વખતોવખત ચકાસણી કરવાની રહેશે તથા GDCRની જોગવાઇ મુજબ તબક્કાવાર બાંધકામ અંગેનો પ્રગતિ અહેવાલ રજુ કરાવી ઉપરી અધિકારીશ્રીને "Seen" કરાવ્યા બાદ જ સ્થળે બાંધકામ થાય તે અંગેની સંપૂર્ણ જવાબદારી રહેશે. |
| | ૯. | વિકાસ પરવાનગીના પ્રકરણે સત્તામંડળને પ્રાપ્ત થતી રસ્તા/રીઝર્વેશન/અન્ય અંતિમખંડમાં ભળતી જમીનનો સ્થળ પર પ્રત્યક્ષ કબજો મેળવ્યા અંગેની ચકાસણી કરીને કંબજાપાવતીમાં સહી કરી પ્રકરણે સામેલ રાખવાની તથા એસ્ટેટ ખાતાને કબજો સુપ્રત કરવા સુધીની કામગીરી પ્લાનીંગ આસીસ્ટન્ટ દ્વારા નિયત સમયમર્યાદામાં થઇ જાય તે અંગે સંપૂર્ણ દેખરેખ રાખવાની રહેશે. |
| | ૧૦. | સત્તામંડળને પ્રાપ્ત થયેલ અનામત પ્લોટોમાં દબાણ/ગેરકાયદેસર બાંધકામ ન થાય તે અંગે વખતોવખત સ્થળતપાસ કરી જરૂર જણાયે સુપરવાઇઝર તથા પ્લાનીંગ આસીસ્ટન્ટની કામગીરીની સમીક્ષા કરવાની રહેશે. તથા યોગ્ય કાર્યવાહી થયેલ ન હોય તો સંબંધિત સુપરવાઇઝર/પ્લાનીંગ આસીસ્ટન્ટની ફરજ પ્રત્યેનીબેદરકારી અંગે કાયદેસરની કાર્યવાહી કરવા ઉપરી અધિકારીશ્રીને ભલામણ કરશે. |
| | ૧૧. | વિકાસ પરવાનગી મેળવ્યા સિવાય સ્થળ ઉપર બાંધકામ કરેલ હોય તેવા કિસ્સાઓમાં બાંધકામ અટકાવવા અધિનિયમની જોગવાઇઓ હેઠળ કાર્યવાહી કરવા નાયબ નગર નિયોજકશ્રી મારફતે પ્રવર નગર નિયોજકશ્રીને અહેવાલ સુપ્રત કરશે અને પ્રવર નગર નિયોજકશ્રીની મંજુરી મળ્યેથી પોતાની સહીથી નોટીસોની બજવણી કરવા સંબંધિત કાર્યવાહી કરશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | બ. | **ગેરકાયદેસર/બીન પરવાનગી વિકાસ, ગેરકાયદેસર/બીન પરવાનગી ઉપયોગ સંબંધી:** |
| | ૧. | સરકારશ્રી દ્વારા બીનાધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત અધિનિયમ-૨૦૧૧ અંતર્ગત પોતાના કાર્યક્ષેત્રમાં તા.૨૮.૦૩.૨૦૧૧ પહેલા થયેલ બિન અધિકૃત બાંધકામની વિગતો પોતાના તાબા હેઠળના કર્મચારીઓ પાસે તૈયાર કરાવી જે કોઇ બિનઅધિકૃત બાંધકામ સદરહું અધિનિયમ હેઠળ નિયમબધ્ધ થઇ શકે તેવા તમામ બિનાધિકૃત બાંધકામોના માલિકે તથા કબજો ધરાવનારઓને અધિનિયમ કલમ ૫ (૨) હેઠળ નિયત સમય મર્યાદાની અંદર નોટીસ બજાવવાની રહેશે તથા અનધિકૃત વિકાસને નિયમીત કરવાનું અથવા તેનો ઇણ-કાર કરવા બાબત સદરહું અધિનિયમની જોગવાઇ ધ્યાને લઇ સંપૂર્ણ કામગીરી કરવાની રહેશે.<br>તા.૨૮/૩/૨૦૧૧ પછી થયેલા અને સદરહું અધિનિયમ હેઠળ નિયમબધ્ધ ન થઇ શકે તેવા તમામ બિનઅધિકૃત બાંધકામોની અલાયદી યાદી પોતાના તાબા હેઠળના કર્મચારીઓ પાસે તૈયાર કરાવી તેવા બિનાધિકૃત બાંધકામ અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની જોગવાઇઓ અનુસાર નોટીસ આપવાની સમય મર્યાદા પૂર્ણ થયે સ્મૃતિપત્ર પાઠવી/ નિયમાનુસાર સાંભળવાની તક આપી બાંધકામ દુર કરવાની કામગીરી મુખ્ય કારોબારી અધિકારીશ્રી/ ચેરમેનશ્રીની મંજુરીથી મદદનીશ નગર નિયોજકશ્રીને કરવાની રહેશે. |
| | ૨. | નોટીસો પાઠવવાની કાર્યવાહી દરમ્યાન સ્થળે ગેરકાયદેસર બાંધકામ ચાલુ ન રહે તે માટે બાંધકામ અટકાવવા સિક્યુરીટી બેસાડવા સુધીની કાર્યવાહી કરવાની જવાબદારી રહેશે અને સિક્યુરીટી મુક્યા પછી સદરહું ફાઇલ જરૂરી વિગતો સાથે એસ.ટી.પી.શ્રી, મુ.કા.અ.શ્રી/ ચેરમેનશ્રી સમક્ષ રજુ કરવાની રહેશે. |
| | ૩. | પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામો અંગે વખતોવખત ચેકીંગ કરવાનું રહેશે અને અધિનિયમ હેઠળની નોટીસોને લગતી કાર્યવાહી સંબંધીત પ્લાનીંગ આસીસ્ટન્ટ દ્વારા સમયસર કરવામાં આવે તે બાબતે ચકાસણી કરવાની રહેશે અને ચકાસણી દરમ્યાન સુપરવાઇઝર/પ્લાનીંગ આસીસ્ટન્ટની બેદરકારી જણાય તો સુપરવાઇઝર/પ્લાનીંગ આસીસ્ટન્ટનો ખુલાસો માંગવાનો રહેશે. આવો ખુલાસો રજુ થયેથી ઉપરી અધિકારીશ્રીને કાયદાકીય કાર્યવાહી અર્થે અહેવાલ મૂકવાનો રહેશે. |
| | ૪. | અધિનિયમ કલમ ૩૫, ૩૬, ૩૭ હેઠળની તમામ કામગીરી મદદનીશ નગર નિયોજકશ્રીએ પ્રવર નગર નિયોજકશ્રીની સીધી રાહબારી હેઠળ કરવાની રહેશે, એટલે કે સદરહું કામગીરી અંગેના પ્રકરણો નાયબ નગર નિયોજક તરફ મોકલવાના રહેશે નહી. |
| | ક. | **મુસદ્દારૂપ નગર રચના તૈયાર કરવા સંબંધી** |
| | ૧. | ટીપી શાખા હસ્તકની ટી.પી.સ્કીમ/ વેરીએશન/ વિકાસ નકશા વિગેરે અંગે ખાનગી/ સરકારી/ માધ્યમો દ્વારા આવતી અરજીઓ/ પત્રોમાં પ્લાનીંગ આસીસ્ટન્ટ દ્વારા રજુ થયેલા અહેવાલ અંગે પોતાની રીમાર્ક્સ સથે ઉપરી અધિકારીશ્રીના નિર્ણય/ મંજુરી અર્થે સાદર કરવાનું રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૨. | ટી.પી.સ્કીમ/ વેરીએશન /વિકાસ નકશા વિગેરે બાબતો માટે માહિતી અર્થે આવતી જાહેર જનતાને રૂબરૂ સાંભળીને સંતોષકારક માહિતી/જવાબો આપવાના રહેશે. |
| | ૩. | પ્લાનીંગ સુપરવાઇઝર દ્વારા જાળવેલા વિભાગને લગતા રેકર્ડને સંબંધિત પત્રકોની માસિક ચકાસણી કરવાની રહેશે અને આ અંગેનો અહેવાલ ઉપરી અધિકારીશ્રીને ધ્યાને લાવવાનો રહેશે. |
| | ૪. | ટીપી શાખાને લગતી જરૂરી માહિતી/વિગતો, અન્ય શાખા/કચેરીમાંથી મંગાવવા અંગેનું સંકલન કરી નિયત સમયમર્યાદામાં રજુ કરાવીને ઉપરી અધિકારીશ્રી સમક્ષ અહેવાલ મુકવાનો રહેશે. |
| | ૫. | ટીપી શાખાને સંબંધિત કામગીરી અર્થે સ્થળ તપાસ કરીને નિર્ણયો માટે પરી અધિકારીને અહેવાલ મુકવાનો રહેશે, |
| | ૬. | ટી.પી.સ્કીમના આયોજન અંગેની કામગીરી અંતર્ગત સમગ્ર વિસ્તારનું સ્થળ નિરિક્ષણ, સ્કીમ બુક, પત્રકો, લાગુ હદો ઇત્યાદી બાબતો અંગે પ્લાનીંગ આસીસ્ટંટ સાથે રહીને સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ જ ઉપરી અધિકારીશ્રી સમક્ષ વિગતો/માહિતી સહિત અહેવાલ રજુ કરવાનો રહેશે. |
| | ૭. | હોદ્દાની રૂએ કામગીરી સંબંધિત થયેલા પરિપત્રો અનુસાર ફરજ બજાવવાની રહેશે. |
| | ડ | <u>જનરલ</u> |
| | ૧. | પોતાના તાબા હેઠળના કર્મચારીઓની તમામ કામગીરીની દેખરેખ સંપૂર્ણ રાખવાની રહેશે તથા પ્લાનીંગ આસીસ્ટન્ટની સ્થળ તપાસ ડાયરીમાં રોજ રોજ સહી કરવાની રહેશે. |
| | ૨. | વખતોવખત ઉપરી અધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવતી ફરજો/જવાબદારીઓ બજાવવાની રહેશે. |
| | ૩. | સ્થળ નિરીક્ષણ કરવા જાય ત્યારે સંબંધિત જમીનની આસપાસની જમીનો/બાંધકામો અંગે કરવાની પ્રથા અપનાવવાની રહેશે તથા કુદરતી/માનવસર્જીત પરિબળો જેમ કે, કેનાલ, તળાવ, નદીનાળા, ઇલે.ટ્રાન્સમીશન લાઇન ( KV સાથે), ઓ.એન.જી.સી.લાઇન, ટાવર, ગેસ લાઇન, આરક્ષિત/પૌરાણિક+અવશેષો વગેરે બાબતોની ઝીણવટભરી ચકાસણી કર્યા બાદ સંબંધિત જમીનને અસર થતી હોય તો અહેવાલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. |
| | ૪. | વિસ્તારમાં ચાલતા બાંધકામો સંદર્ભે વખતોવખત સ્થળ તપાસ કરી સુપરવાઇઝર તથા પ્લાનીંગ આસીસ્ટન્ટ દ્વારા થયેલ બેદરકારી અંગે જરૂર જણાયે આવશ્યક અહેવાલ ઉપરી અધિકારી સમક્ષ મૂકવાનો રહેશે. |
| | ૫. | પંદર દિવસે એકવાર સુપરવાઇઝરના કબાટની ચકાસણી કરવાની રહેશે. |
| | ૬. | ગુ.ટા.પ્લા, એન્ડ અડે એક્ટ, ૧૯૭૬ હેઠળની કલમ ૬૭,૬૮,૬૯ હેઠળની કામગીરી પૂર્ણ કરી અમલીકરણ અંતર્ગત ઔડાને પ્રાપ્ત થતી જમીન (રસ્તા/અનામત પ્લોટ) નો પ્રત્યક્ષ કબજો મેળવી એસ્ટેટ શાખાને સુપ્રત કરવા સુધીની સંપૂર્ણ કામગીરીની દેખરેખ રાખી પૂર્ણ કરાવવા સુધીની સંપૂર્ણ જવાબદારી મદદનીશ નગર નિયોજકની રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૭. | આઉટડોર વિઝીટ અંગે ઉપરી અધિકારીશ્રીનું ધ્યાન દોરવું તથા મુવમેન્ટ રજીસ્ટર જાળવવાનું રહેશે. |
| | ૮. | મદદનીશ નગર નિયોજકના હોદ્દાની રૂઇએ કામગીરી અંગે થયેલા પરીપત્ર મુજબ ફરજો/જવાબદારી નિભાવવાની રહેશે. |
| | ૯. | હાઇકોર્ટની કોર્ટ મેટરોમાં જરૂર જણાયે પ્લાનીંગ આસીસ્ટન્ટ સાથે હાજર રહી સત્તામંડળની તરફેણમાં નિકાલ થાય તે અંગે લીગલ એડવોકેટ માહિતી પુરી પાડવાની તકેદારી રાખવાની રહેશે. |
| | ૧૦. | આર.ટી.આઇ. એકટ ૨૦૦૫ હેઠળ જાહેર માહિતી અધિકારી તરીકે અરજીઓનો સમયમર્યાદામાં જવાબ કરીને નિકાલ કરવાનો રહેશે. |
| | ૧૧. | મુખ્ય મંત્રીશ્રીના કાર્યાલય/સ્વાગત ઓનલાઇન/સરકારી/અર્ધસરકારી/મંત્રી/વિધાન સભાને લગતા વગેરે પત્રોનો સમયસર જવાબ કરવા નાયબ નગર નિયોજકશ્રી સમક્ષ સમયસર અહેવાલ રજુ થાય તે બાબતે તકેદારી રાખવાની રહેશે. |
| ૪. | પ્લાનીંગ આસિસ્ટન્ટ | |
| | અ. | <u>વિકાસ પરવાનગી, વાપરવાની પરવાનગી સંબંધી</u> |
| | ૧. | વિકાસ પરવાનગીના પ્રકરણે અરજી સાથે બીડેલી માહિતીની GDCRની જોગવાઇઓ મુજબ ચકાસણી કરી જાતે સ્થળ નિરીક્ષણ કર્યા બાદ મંજૂરી/નામંજુરી અંગેના મુદ્દાઓ તૈયાર કરી કારણો દર્શાવી સ્પષ્ટ અભિપ્રાય સહિત દિન-૧૫માં મદદનીશ નગર નિયોજક સમક્ષ પ્રકરણ મૂકવાનું રહેશે. |
| | ૨. | મદદનીશ નગર નિયોજકની મંજુરી મળ્યેથી નામંજુરીના જાવક સુપરવાઇઝર મારફતે તૈયાર કરાવી મદદનીશ નગર નિયોજકની સહી કરાવી માલિક/અરજદાર/એન્જી./આર્કીટેક ને જાણ કરવા જાવક પાઠવવા વિષયક કામગીરી કરાવાની રહેશે. |
| | ૩. | નિયત સમયમર્યાદામાં અરજદારશ્રી દ્વારા પૂર્તતા થયેલ ન હોય તેવા કિસ્સામાં પ્રકરણ નામંજુર કરવાની/દફતરે કરવાની ભલામણ સાથે મદદનીશ નગર નિયોજકશ્રી સમક્ષ રજુ કરવાનું રહેશે. |
| | ૪. | સ્થળ પરના રસ્તાના તથા પ્લોટના માપ, ટી.પી./ડી.પી. રોડ લાઇન મુજબના રસ્તા/પ્લોટની હદ ડીમાર્કેશન વગેરે તપાસ કરવાની તથા નકશામાં દર્શાવવા અંગેની સંપૂર્ણ જવાબદારી પ્લાનીંગ આસીસ્ટન્ટની રહેશે. |
| | ૫. | વિકાસ પરવાનગી આપેલ કેસોમાં સ્થળ ઉપર વખતોવખત ચકાસણી કરવાની રહેશે તથા GDCRની જોગવાઇ મુજબ તબક્કાવાર બાંધકામ અંગેનો પ્રગતિ અહેવાલ સમયસર રજુ કરાવીને મદદનીશ નગર નિયોજક સમક્ષ મૂકવાનો રહેશે. |
| | ૬. | મંજુર થયેલ નકશા કરતાં ફેરફારવાળું બાંધકામ હોય તો મદદનીશ નગર નિયોજકને રીપોર્ટ કરવાનો રહેશે. |
| | ૭. | વિકાસ પરવાનગી આવ્યા બાદ કામ શરૂ કર્યુ ન હોય તથા રજાચિઠ્ઠીની મુદ્દત |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | | લંબાવેલ ન હોય અને ૧૨ માસ પુરા થયા હોય તેવા કેસો દફતરે કરવાની ભલામણ સહિત મદદનીશ નગર નિયોજક સમક્ષ મૂકવાના રહેશે. |
| | ૮. | વિકાસ પરવાનગી મેળવ્યા સિવાય સ્થળ ઉપર બાંધકામ ચાલુ કરેલ હોય તે પ્રકરણમાં સુપરવાઇઝરશ્રી દ્વારા રજુ થયેલ અહેવાલ અન્વયે સ્થળ તપાસ કરી મદદનીશ નગર નિયોજકને રીપોર્ટ કરવાનો રહેશે. |
| | ૯. | વપરાશ પ્રમાણપત્ર મેળવવા અંગેના મંજુરી માંગતા કેસમાં સ્થળ તપાસ કરી હકીકતલક્ષી અહેવાલ તૈયાર કરી મદદનીશ નગર નિયોજકશ્રી સમક્ષ મૂકવાનો રહેશે. |
| | ૧૦. | બિનપરવાનગીએ વપરાશ શરૂ ન થાય તે અંગેની સ્થળ નિરીક્ષણ દરમ્યાન તકેદારી રાખવી અને ઉપયોગ શરૂ થયેલ હોય તેવા કેસોમાં મદદનીશ નગર નિયોજક સમક્ષ રીપોર્ટ મૂકવાનો રહેશે. |
| | ૧૧. | દફતરે કરવાના કેસની વિગતો સંપૂર્ણ રીતે ચેક કર્યા બાદ જ દફતરે કરવા ભલામણ કરવાની રહેશે. |
| | ૧૨. | વિકાસ પરવાનગી તથા વપરાશ પરવાનગીના પ્રકરણે ફી ગણત્રી અંગેની સંપૂર્ણ જવાબદારી પ્લાનીંગ આસીસ્ટન્ટની રહેશે. કોઇપણ ફી/ ચાર્જ/ ડીપોઝીટ લેવાની બાકી રહેલ હશે તો લાગતા વળગતા પ્લાનીંગ આસીસ્ટન્ટ હોદ્દાની રૂઇએ જવાબદાર ગણાશે. |
| | ૧૩. | વિકાસ પરવાનગીના પ્રકરણે સત્તામંડળને પ્રા ત થતી રસ્તા/રીઝર્વેશન/અન્ય અંતિમખંડમાં ભળતી જમીનનો સ્થળ પર પ્રત્યક્ષ કબજો મેળવ્યા અંગેની ચકાસણી સ્ટેટ ખાતાને કરીને કબજાપાવતીમાં સહી કરીને પ્રકરણે સામેલ રાખવાની તથા કબજો સુપ્રત કરવા સુધીની સંપૂર્ણ કામગીરી નિયત સમયમર્યાદામાં થઇ જાય તે અંગેની જવાબદારી રહેશે. |
| | ૧૪. | સત્તામંડળને ટી.પી.સ્કીમ રૂઇએ પ્રાપ્ત થયેલ રસ્તા/અનામત પ્લોટ/ખાનગી અંતિમખંડમાં દબાણ ગેરકાયદેસર બાંધકામ ન થાય તે અંગે સુપરવાઇઝર દ્વારા યોગ્ય કાર્યવાહી થયેલ ન હોય તો કાયદેસરની કામગીરી કરવાની જવાબદારી |
| | ૧૫. | મંજુર થયેલ પ્રકરણે, વિકાસપરવાનગી તથા વાપરવાની પરવાનગી અન્વયે અનુક્રમે રજાચિઠ્ઠી તથા બાંધકામ વાપરવાના પ્રમાણપત્રમાં (નિયત નકશાઓ સહીત) સહી કરવાની તથા માલિક/અરજદારને પાઠવી આપવાની જવાબદારી રહેશે. |
| | બ | <u>ગેરકાયદેસર/બીન પરવાનગી વિકાસ, ગેરકાયદેસર/બીન પરવાનગી ઉપયોગ સંબંધી</u> |
| | ૧. | પોતાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર બાંધકામ તથા બિનપરવાનગીમાં થતા ઉપયોગ અંગેના કિસ્સાઓમાં સુપરવાઇઝર દ્વારા રજુ કરેલ અહેવાલ અન્વયે કાયદાકીય કાર્યવાહી અંતર્ગત એક્ટ હેઠળની નોટીસો પાઠવવા સંબંધિત સંપૂર્ણ કાર્યવાહી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવા વખતોવખત સમયસર મદદનીશ નગર નિયોજકશ્રી સમક્ષ પ્રકરણ રજુ કરવાનું રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૨. | ગેરકાયદેસર બાંધકામ શરૂઆતથી જ અટકાવવા તાત્કાલિક સિક્યુરીટી બેસાડવા મદદનીશ નગર નિયોજકશ્રીને અહેવાલ મૂકવાનો રહેશે. |
| | ૩. | નોટીસ બજવણી અંગેની કામગીરી પૂર્ણ થયેથી તાકીદે બાંધકામ તોડી પાડવા મદદનીશ નગર નિયોજકશ્રી સમક્ષ પ્રકરણ રજુ કરવાની જવાબદારી પ્લાneeneનીંગ આર્ટીસ્ટન્ટની રહેશે. |
| | ૪. | ઉપરી અધિકારીશ્રીની ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવા મળેલ મંજુરી અન્વયે ગેરકાયદેસર બાંધકામ સમય મર્યાદામાં તોડી પાડી દૂર કરવા અંગેની સંપૂર્ણ જવાબદારી પ્લાનીંગ આસીસ્ટન્ટ તથા મદદનીશ નગર નિયોજકશ્રીની સંયુકતપણે રહેશે. |
| | ૫. | પોતાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં ચાલતા ગેરકાયદેસર બાંધકામ તથા બિનપરવાનગી ઉપયોગ અટકાવવા બાબતે સુપરવાઇઝર દ્વારા સમયસર સ્થળ તપાસ અહેવાલ રજુ કરેલ ન હોય તો હકીકતલક્ષી વિગતો પરી અધિકારીશ્રીના ધ્યાને લાવી સુપરવાઇઝરની ફરજ પ્રત્યેની બેદરકારી અંગે કાયદેસરની કાર્યવાહી કરવા ભલામણ કરવાની રહેશે. |
| | ૬. | પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ ન થાય તે અંગેની તકેદારી હોદ્દાની રાખવાની તથા થયેલ બાંધકામ દૂર કરવા સુધીની સંપૂર્ણ જવાબદારી રૂઇએ પ્લાનીંગ આસીસ્ટન્ટની રહેશે. |
| | ક | <u>મુસદ્દારૂપ નગર રચના તૈયાર કરવા સંબંધી</u> |
| | ૧. | ટી.પી.સ્કીમ/વેરીએશન/વિકાસ નકશા વિગેરે અંગે ખાનગી/સરકારશ્રીની આવતી તમામ અરજીઓ/પત્રો અનુસંધાને સુપરવાઇઝર દ્વારા નિયત સમયમાં વિગતો રજુ થાય તે અંગે ધ્યાન રાખશે અને રજુ થયેલ વિગતો સહિત હકીકતલક્ષી અહેવાલ ઉપરી અધિકારી સમક્ષ મુકવાનો રહેશે. |
| | ૨. | પોતાના ઉપરી અધિકારીઓશ્રીના આદેશોનું પાલન કરશે તથા તેઓશ્રી સાથે સંકલનમાં રહી વિભાગની કામગીરી બજાવશે. |
| | ૩. | સુપરવાઇઝર દ્વારા જાળવેલા વિભાગને લગતા રેકર્ડ સંબંધિત પત્રકોની માસિક ચકાસણી કરવાની રહેશે તથા આ અંગેનો અહેવાલ ઉપરી અધિકારીશ્રીના ધ્યાને લાવવાનો રહેશે. |
| | ૪. | ટીપી શાખાને લગતી જરૂરી માહિતી વિગતો, અન્ય શાખા/કચેરીમાંથી નિયત સમય-મર્યાદામાં સુપરવાઇઝર દ્વારા મેળવીને રજુ થાય તે અંગે દેખરેખ રાખવાની રહેશે અને રજુ થયેલ માહિતી વિગતો, જરૂરી હુકમ નિર્ણય/આદેશ સારૂ ઉપરી અધિકારીશ્રીને સાદર કરશે; જેમાં નિર્ણય આવ્યાથી આનુષાંગિક કાર્યવાહી કરવાનો રહેશે. |
| | ૫. | ટી.પી.સ્કીમમાં આયોજન અંગેની કામગીરી અંતર્ગત ઉપરી અધિકારીશ્રી સાથે રહી દરેક સીટી સ.નં. રે.સ.નં./બ્લોક નં, ઇત્યાદી પ્લોટનું સ્થળ નિરિક્ષણ કરી, ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલોપમેન્ટ એકટ, ૧૯૭૬ તથા અન્ય અમલી કાયદાઓની સાપેક્ષમાં નિયત કાર્યવાહી કરવાની રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૬. | ટી.પી.સ્કીમના આયોજન અંગેની કામગીરી અંતર્ગત, ટી.પી.સ્કીમની લાગુ હદોની ચકાસણી કરવાની; હયાત નાળા-કોસ-કેનાલ-રસ્તા-બોરવેલ, ઇલે.ટ્રાન્સમીશન લાઇન(KV સાથે), ઓ.એન.જી.સી. લાઇન, ગેસ લાઇન,આરક્ષિત/પૌરાણિક+અવશેષો, વિવિધ ટાવર વગેરે તથા અન્ય તમામ પ્રકારની સંપાદીત જમીન બાબતે સંપૂર્ણ વિગતો મેળવી યોજનામાં સમાવેશ કરવાની; તમામ નકશા, સ્કીમ-બુક, પત્રકો ઇત્યાદી એકબીજાને સુસંગત હોય તે બાબતે ઝીણવટભરી ચકાસણી કરવાની; પ્લાનીંગ આસીસ્ટંટની અંગત જવાબદારી રહેશે. |
| | ૭. | હોદાની રૂએ કામગીરી સંબંધિત થયેલા પરિપત્રો અનુસાર ફરજ બજાવવાની રહેશે. |
| | ડ | **જનરલ** |
| | ૧. | સુપરવાઇઝરની તમામ કામગીરીની દેખરેખ રાખવાની રહેશે. સુપરવાઇઝરની દરરોજની સ્થળ તપાસ અંગે ડાયરીમાં નોંધ પર સહી કરી મદદનીશ નગર નિયોજકશ્રીના ધ્યાને મૂકવાની રહેશે. |
| | ૨. | વખતોવખત ઉપરી અધિકારીશ્રી દ્વારા સોંપવામાં આવતી ફરજો/જવાબદારીઓ બજાવવાની રહેશે. |
| | ૩. | સ્થળ નિરીક્ષણ કરવા જાય ત્યારે સંબંધિત જમીનની આસપાસની,જમીનો/બાંધકામો અંગે ચકાસણી કરવાની પ્રથા અપનાવવાની રહેશે તથા કુદરતી/માનવસર્જીત પરિબળો જેમ કે, કેનાલ, તળાવ, નદીનાળા,ઇલે.ટ્રાન્સમીશન લાઇન (KV સાથે),ઓ.એન.જી.સી.લાઇન, ટાવર, ગેસ લાઇન, આરક્ષિત/પૌરાણિક+અવશેષો વગેરે બાબતોની ઝીણવટભરી ચકાસણી કર્યા બાદ સંબંધિત જમીનને અસર થતી હોય તો અહેવાલમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. |
| | ૪. | સપ્તાહમાં એકવાર સુપરવાઇઝરશ્રીના કબાટની ચકાસણી કરી રેકર્ડ વ્યવસ્થિત જાળવણી કરેલ છે તથા રજીસ્ટરો નિયત નમુનામાં અપડેટ કરેલ છે તે અંગે ચકાસણી કરવાની રહેશે. |
| | ૫. | ગુ.ટા.પ્લા. એન્ડ અ.ડે.એકટની કલમ ૬૭,૬૮,૬૯ હેઠળની નોટીસો સમયસર બજાવી તમામ કામગીરી પૂર્ણ કરી રસ્તા/ રીઝર્વેશન પ્લોટ વગેરે કબજા પ્રાપ્ત કરવાની જવાબદારી રહેશે તથા જમીનનો કબજો મળ્યેથી એસ્ટેટ શાખાને સુપ્રત કરવાનો રહેશે. |
| | ૬. | આઉટડોર કામગીરીની ડાયરી તથા કાર્યપત્રક જાળવવાનું રહેશે. દરરોજ મદદનીશ નગર નિયોજકશ્રીની સહી કરાવવાની રહેશે. દર પંદર દિવસે નાયબ નગર નિયોજક તથા દર માસના અંતે સિનિયર નગર નિયોજકના જાણ માટે મૂકી સહી મેળવવાની રહેશે. |
| | ૭. | પ્લાનીંગ આસીસ્ટન્ટના હોદ્દાની રૂઇ કામગીરી અંગે થયેલા પરીપત્ર મુજબ ફરજો/જવાબદારી નિભાવવાની રહેશે. |
| | ૮. | સુપરવાઇઝરની હાજરી, મુવમેન્ટ રજીસ્ટર તથા તૈયાર કરેલ રજીસ્ટરોનું આકસ્મિક ચેકીંગ કરી ક્ષતિ જણાય તો ખુલાશો માંગી ઉપરી અધિકારીશ્રીના ધ્યાને મુકવાનું રહેશે. |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | ૯. | કોર્ટ મેટરોમાં સુપરવાઇઝર સાથે હાજર રહી લીગલ એડવોકેટને વિગતો/માહિતી પુરી પાડવાની રહેશે. |
| ૫. | <u>સુપરવાઇઝર</u> | |
| | અ | <u>વિકાસ પરવાનગી, વાપરવાની પરવાનગી સંબંધી</u> |
| | ૧. | વિકાસ પરવાનગીના પ્રકરણો મળેથી અરજી સાથે આવેલ બિડાણો અને નકશાઓ નિયમ મુજબ છે કે કેમ તે અંગેની પ્રાથમિક ચકાસણી કરવાની રહેશે. |
| | ૨. | સ્થળ નિરીક્ષણ કરીને સ્થળ-સ્થિતિની હકીકત તથા રજુ કરેલ નકશાની સુસંગતતા સહિત અહેવાલ તૈયાર કરી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાનો રહેશે. |
| | ૩. | માલિકીના પુરાવા તથા દરેક ફોર્મની વિગતો GDCR જોગવાઇઓ મુજબ ચકાસી ખૂટતી વિગતો અંગે ચોક્કસ ખાત્રી કરી પ્રકરણ મળ્યેથી દિન-૧૦માં ઉપરોકત સમગ્ર કાર્યવાહી પૂર્ણ કરીને પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાનું રહેશે. |
| | ૪. | મંજુરી,નામંજુરી તથા પ્રકરણ સંબંધિત અન્ય તમામ પ્રકારના જાવક લખીને પોસ્ટ કરવા સંબંધિત શાખામાં મોકલી આપવાના રહેશે. |
| | ૫. | વિકાસ પરવાનગી આપ્યા પછી સ્થળ ઉપર વખતોવખત બાંધકામની ચકાસણી કરવી અને GDCR ની જોગવાઇ મુજબ તબક્કાવાર બાંધકામ અંગેનો પ્રગતિ અહેવાલ રજુ કરાવી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાનો રહેશે. |
| | ૬. | મંજુર થયેલ નકશા કરતાં ફેરફારવાળું બાંધકામ હોય તો પ્લાનીંગ આસીસ્ટન્ટને રીપોર્ટ કરવાનો રહેશે. |
| | ૭. | વિકાસ પરવાનગી આપ્યા બાદ કામ શરૂ કર્યુ ન હોય અને ૧૨ માસ પુરા થયા હોય તેવા કેસો દફતરે કરવાની કાર્યવાહી માટે પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાના રહેશે. |
| | ૮. | વિકાસ પરવાનગી મેળવ્યા સિવાય સ્થળ ઉપર બાંધકામ ચાલુ કરેલ હોય તે પ્રકરણમાં તાત્કાલિક સ્થળ તપાસ અહેવાલ મૂકવાના રહેશે. |
| | ૯. | વાપરવાની મંજુરી માંગતા કેસમાં સાથે સ્થળ તપાસ કરવી, જરૂરી જાવક લખવા ઉપરી અધિકારીને વિગતો ધ્યાને મૂકવી,મંજુરી મળ્યા બાદ મકાન વાપરવાની પરવાનગી અંગેનું પ્રમાણપત્ર તૈયાર કરવાનું રહેશે. |
| | ૧૦. | બિનપરવાનગીએ વપરાશ શરૂ ન થાય તે અંગેની સ્થળ નિરીક્ષણ દરમ્યાન તકેદારી રાખવી અને ઉપયોગ શરૂ થયેલ હોય તેવા કેસોમાં પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ રીપોર્ટ મૂકવાનો રહેશે. |
| | ૧૧. | સત્તામંડળને ટી.પી.સ્કીમ રૂઇએ પ્રાપ્ત થયેલ રસ્તા/અનામત પ્લોટ/ખાનગી અંતિમખંડમાં દબાણ/ગેરકાયદેસર બાંધકામ ન થાય તે અંગે વખતોવખત સ્થળ તપાસ કરી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ અહેવાલ રજુ કરવાની સંપૂર્ણ જવાબદારી રહેશે. |
| | બ | <u>ગેરકાયદેસરાબીન પરવાનગી વિકાસ, ગેરકાયદેસરાબીન પરવાનગી ઉપયોગ સંબંધી:</u> |
| | ૧. | પોતાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં સ્થળ નિરીક્ષણ કરીને ચાલતા ગેરકાયદેસર |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| | | બાંધકામ તથા બિનપરવાનગીમાં થતા ઉપયોગ અંગેના બાંધકામો/મકાનોની ફાઇલ તૈયાર કરી પ્રાથમિક સ્થળ તપાસનો અહેવાલ પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાનો રહેશે |
| | ૨. | ગેરકાયદેસર બાંધકામનો સ્કેચ તૈયાર કરવો તથા પ્રથમ નિરીક્ષણ વેળાના ફોટા પડાવીને પ્રકરણે રજુ રાખવાના રહેશે. |
| | ૩. | માલિકી વગેરે જરૂરી માહિતી મેળવી પ્રકરણે સામેલ કરવાની રહેશે. |
| | ૪. | ઝોનીંગ, ટી.પી.સ્કીમ, એકવીઝીશન વગેરે માહિતી સંબંધિત શાખામાંથી મેળવી પ્રકરણે સામેલ કરવાની રહેશે. |
| | ૫. | પ્લાનીંગ આસીસ્ટન્ટની સૂચના/આદેશાનુસાર નોટીસો તૈયાર કરી બજવણી કરવાની રહેશે. |
| | ૬. | નોટીસમાં દર્શાવેલ સમયમર્યાદા પૂર્ણ થયેથી સ્મૃતિ પત્ર/રજુઆત કરવાની તક આપવા પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ પ્રકરણ મૂકવાનું રહેશે. |
| | ૭. | બીજી નોટીસ તૈયાર કરી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ પ્રકરણ મૂકવાનું રહેશે. |
| | ૮. | ગેરકાયદેસર બાંધકામના પ્રકરણો સંદર્ભ થયેલ કોર્ટ લિટીગેશન અંગેના રજીસ્ટરો બનાવવા અને તેમાં વખતો-વખત માહિતી ભરી અપડેટ બનાવવા અને જાળવવાના રહેશે. |
| | ૯. | ગેરકાયદેસર બાંધકામો અંગેની કોર્ટ મેટરોમાં/કોર્ટમાં હાજર (પ્લાનીંગ આસીસ્ટન્ટ સાથે) રહી હકીકતલક્ષી વિગતો સંબંધિત લીગલ એડવોકેટને પુરી પાડવાની રહેશે. |
| | ૧૦. | ગેરકાયદેસર બાંધકામોને લગતી અરજી, ટપાલો સ્વીકારવી તેનું વ્યવસ્થિત રજીસ્ટર રાખી તથા મુળ પ્રકરણે સામેલ કરી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાની રહેશે. |
| | ૧૧. | ગેરકાયદેસર બાંધકામ શરૂઆતથી ન થાય તથા અટકાવવા માટે તાત્કાલિક પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ અહેવાલ મૂકવાનો રહેશે, |
| | ૧૨. | પોતાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં થયેલ/થતા દરેક પ્રકારનાં ગેરકાયદેસર બાંધકામ કે જેની મંજુરી મેળવેલ નથી તે સંદર્ભે પ્રાથમિક સ્થળ તપાસ કરી અહેવાલ તૈયાર કરી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ રજુ કરવાની સંપૂર્ણ જવાબદારી સુપરવાઇઝરની રહેશે. આવું કોઇપણ ગેરકાયદેસર બાંધકામ ઉપરી અધિકારીશ્રીના ધ્યાને આવશે અને ગેરકાયદેસર બાંધકામ અટકાવવા સમયસરની અસરકારક કાર્યવાહી થયેલ નહીં હોય તો <u>ફરજ પ્રત્યે ગંભીર બેદરકારી ગણી લાગતા વળતા સુપરવાઇઝર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.</u> |
| | ક | <u>મુસદ્દારૂપ નગર રચના તૈયાર કરવા સંબંધી</u> |
| | ૧. | ટી.પી.સ્કીમ/વેરીએશન/વિકાસ નકશા વિગેરે અંગે ખાનગી/સરકારશ્રીની આવતી તમામ અરજીઓ/પત્રો અનુસંધાને રજુ થયેલ વિગતો સહિત નિયત સમયમાં નિકાલ થાય તે માટે ઉપરી અધિકારી સમક્ષ મુકવાની રહેશે. |
| | ૨. | પોતાના ઉપરી અધિકારીઓશ્રીના આદેશોનું પાલન કરશે તથા તેઓની રાહબરી હેઠળ વિભાગની કામગીરી બજાવશે. |

| | | |
|---|---|---|
| | ૩. | ટીપી શાખાને લગતી જરૂરી માહિતી વિગતો, અન્ય શાખા/કચેરીમાંથી નિયત સમય-મર્યાદામાં મેળવવાની જવાબદારી રહેશે અને રજુ થયેલ માહિતી વિગતો જરૂરી હુકમ નિર્ણય/આદેશ સારૂ ઉપરી અધિકારીશ્રીને સાદર કરશે; જેમાં નિર્ણય આવ્યાથી આનુષાંગિક કાર્યવાહી કરવાની રહેશે. |
| | ૪. | ટી.પી.સ્કીમમાં આયોજન અંગેની કામગીરી અંતર્ગત, દરેક સીટી સ.નં./રે.સ.નં./બ્લોક નં. ઇત્યાદી પ્લોટનું તમામ બાબતો અંગે ઝીણવટભર્યું સ્થળ નિરિક્ષણ કરી, ટી.પી.સ્કીમની લાગુ હદોની ચકાસણી કરીને વિગતો ઉપરી અધિકારી સમક્ષ મુકવાની રહેશે. |
| | ૫. | ટી.પી.સ્કીમના આયોજન અંગેની કામગીરી અંતર્ગત તમામ નકશા, સ્કીમ બુક પત્રકો ઇત્યાદી રેકર્ડની જાળવણી સંબંધિત કાર્યવાહી પરી અધિકારીશ્રીના આદેશ મુજબ કરવાની રહેશે. |
| | ૬. | હોદાની રૂએ કામગીરી સંબંધિત થયેલા પરિપત્રો અનુસાર ફરજ બજાવવાની રહેશે. |
| | ડ | <u>જનરલ</u> |
| | ૧. | દરરોજની ટપાલ સ્વીકારી તથા પ્લાનીંગ આસીસ્ટન્ટના ધ્યાન ઉપર લાવવાની રહેશે. |
| | ૨. | અરજી મુળ પ્રકરણે સામેલ કરી પ્લાનીંગ આસીસ્ટન્ટ સમક્ષ મૂકવાની રહેશે. |
